Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# સાદરાનો શૈક્ષણિક વિકાસ : ઐતિહાસિક સંદર્ભમાં

ડૉ. પ્રો. કનૈયાલાલ ર. નાયક
સંયોજક મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ – સાદરા ગૂજરાત વિદ્યાપીઠ

**પૂર્વભૂમિકા**-સાબરમતી નદીને કિનારે વસેલું સાદરા હાલમાં ગાંધીનગર જિલ્લામાં એક નાના ગામ તરીકે સ્થાન છે. પરંતુ એક કાળે તેનું રાજકીય અને સાંસ્કૃતિક મહત્વ ખૂબ હતું, મોટું સમૃદ્ધ શહેર ન હોવા છતાં, પંદરમી સદીથી અંગ્રેજ શાસન દરમ્યાન તેની ઓળખ એક રાજકીય અને શૈક્ષણિક દ્રષ્ટીએ મહત્વની ઓળખ હતી. સલ્તનત અને મોગલ-મરાઠા કાળમાં વિકાસ શરૂ થયો હતો. સાથે સાથે બ્રિટીશકાળમાં તેની કીર્તિ સોળે કળાએ ખીલી હતી. ભારતમાંથી અંગ્રેજ યુગ પૂરો થયો અને દેશી રાજ્યોનું વિલીનીકરણ ભારત સંઘમાં થયું, ત્યાં સુધી ગામમાં જાહોજલાલી ખૂબ વધ્યા હતા. અને સાદરાનું નામ દિલ્હી સુધી ગૂંજ્યું ઉપરાંત ઇંગ્લેન્ડમાં પણ તેનું નામ રાજકીય દ્રષ્ટીએ મહત્વનું અંકાતું. રાજકીય સ્થળ હોવાને કારણે શૈક્ષણિક, વ્યાપારિક અને વહીવટી મહત્વ ખૂબ હતું. આ ગામની સ્થિતિ પરિસ્થિતિ બદલાઈ અને વિકાસ બંધ પડ્યો અને એક ભાંગેલ ગામ જેવી સ્થિતિએ પહોચ્યું. અને સામાન્ય ગામ તરીકે તેની ગણના થવા લાગી તેની સ્થિતિ અવિકસિત એવી અંતરિયાળ વિસ્તારના પ્રદેશ સ્થળ જેવી થઇ.

પરંતુ મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા ઈ.સ. 1978માં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ અને તે સમયના ભારતના વડાપ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઈના હસ્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સંસ્થા શરૂ કરવામાં આવી, ક્રમશઃ પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સમાજવિદ્યા વિશારદ, વ્યાયામ અને આરોગ્ય વિજ્ઞાન, માઈક્રોબાયોલોજી વિભાગ શરૂ થયા. તેના કારણે ગુજરાત અને ગુજરાત બહારથી વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ અભ્યાસ અર્થે આવવાના લીધે શૈક્ષણિક સંસ્થાના ક્રમશઃ વિકાસના કારણે ગામનું શૈક્ષણિક ક્ષેત્રે મહત્વ ફરીથી ઉભું થવા માંડ્યું. આ સંસ્થામાં વિવિધ વિષયોમાં પીએચ.ડી. સુધીનો અભ્યાસ શરુ થયો છે. એટલે કે હાલમાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો સાદરામાં શિક્ષણ ક્ષેત્રે મહત્વનું કાર્ય કરી રહ્યા છે. તેથી સાદરાનું મહત્વ વધવા લાગ્યું છે. ઉપરાંત સરકારી હોસ્પિટલ, જક્ષણી મંદિર અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સરકારી અને ખાનગી શરૂ થવાના કારણે સાદરામાં લોકોની અવર-જવર વધવાના કારણે ફરીથી સારી પરિસ્થિતિ થઇ છે અને શૈક્ષણિક હબ સાદરા બન્યું છે.

**સાદરા નામકરણ**- સાદરાના નામ કરણ અંગે અનેક તર્ક વિતર્ક અને નામ સ્પષ્ટ કરવાના પ્રયત્નો થયા છે. જેમાં ખાસ કરીને ગુજરાતમાં મોગલ સૂબાઓના કાળમાં 'શાહધરા' એટલે શાહી કુટુંબના સ્નાન વિહાર માટે જાણીતું હતું. સાદરા ગામ અને એની આજુબાજુનો પ્રદેશ ઉંચી ભેખડો પર પેહેલેથી વસેલો હોઈ, સાબરમતીના જળ પ્રવાહ ઉપર વસેલું આ ગામ લગભગ પચાસ ફૂટની ઉંચાઈએ આવેલું છે. સંભવ છે કે અહીં સારા પ્રમાણમાં જળસંચય થઇ, પાણીનો મોટો ધરો

થઇ રહેતો. ખાસ કરીને ઉનાળામાં અમદાવાદના સુલતાનની બેગમો ત્યાં આવતી અને આ ધરામાં જળ વિહાર કરતી તેથી તેના કારણે આ સ્થળનું નામ 'શાહધરા' ના નામે ઓળખાયું અને પછી તેનું અપભ્રંશ થઇ 'સાદરા' નામ પ્રચલિત થયું હોય તેવું અનુમાની શકાય તેમ છે. આ ઉપરાંત એવી પણ લોક માન્યતા છે કે શાહ એટલે 'વાણીયા' અને ધરા એટલે 'નિવાસ' ગામમાં તે સમયે વણિક લોકોની વસ્તી પણ ખૂબ હતી તેથી 'શાહ ધરા' એટલેકે તેમના વસવાટના કારણે પણ પડેલ હોય તેવી માન્યતા પ્રવર્તમાન છે. ઉપરાંત સાદરા એટલેકે સાદર કે આદર કરવામાં આવે તે, આ સમયે ગામનું નામ રાજકીય રીતે ખૂબ મહત્વનું હતું, તે પણ ઉલ્લેખનીય છે. ટૂંકમાં શાહ-ધરા કે શાહ-દરા ના અપભ્રંશથી સાદરા નામ પ્રચલિત થયુ હોય તેવું અનુમાન થઇ શકે.

**રાજકીય ઈતિહાસમાં સાદરા-** સામાન્ય રીતે સાદરા એક સમયે વાસણા ઠાકોરની જાગીરનો એક ભાગ હતો અને અમદવાદની સ્થાપના કરનાર સુલતાન અહેમદશાહે સાબરમતીના કિનારે સાદરામાં શાહીકિલ્લો ઈ.સ.1426માં બંધાવેલો અને આ બંધાવવાનો ખાસ હેતુ શાહી રસાલાને વિશ્રામ માટે અથવા રોકાણ કરવા માટે હશે. સમાન્ય રીતે જ્યાં સુધી ગુજરાતની હદ હતી ત્યાં સુધી દિલ્હી જવાના રસ્તે દર 15 માઈલે લગભગ આવા કિલ્લા બનાવેલા આ કિલ્લાની બાંધણી અમદાવાદના ભદ્રકાળી મંદિરના કિલ્લા જેવી જોવા મળે છે. એટલે કે સુરક્ષા અને વિશ્રામને ધ્યાનમાં રાખી આ વ્યવસ્થા થયેલી હશે. અમદાવાદથી કાળી ગામ અને પછી અહીં આવો કિલ્લો બનાવેલો જે લગભગ પંદરથી સત્તર માઈલ અંતર લગભગ હશે. અહેમદશાહે ઇડર જીતીને અહમદનગર વસાવેલું. જે હાલમાં હિંમતનગર તરીકે ઓળખાય છે. એવું કેહવાય છે કે અહેમદશાહને કિલ્લા બાંધવાનો શોખ પણ હતો. અને સુરક્ષા-વિશ્રામ માટે જરૂરી જણાતું હશે તેથી આવી વ્યવસ્થા ઉભી કરેલી હશે તેમ અનુમાની શકાય ઉપરાંત આ સમયે આ ગામ શાહી રસાલા માટે ક્યારેક ઉપયોગી અને લશ્કરી દ્રષ્ટીએ મહત્વ રહેતું, તે સિવાય બીજી કોઈ તે સમયે રાજકીય ચહલ પહલ હશે તેવું જણાતું નથી.

ઈ.સ. 1801 થી 1810ના સમય દરમ્યાન પેશ્વાના પતન પછી ગુજરાતમાં ગાયકવાડી શાસન સ્થપાયું તે દરમ્યાન સાબરમતી નદી કિનારાના રજવાડા પર પણ આ શાસન સ્થપાયું. શાસનના પ્રતિક તરીકે ગાયકવાડ સરકારે જાગીરદારો-તાલુકાદારો (રાજ્યકર્તાઓ) પાસેથી ખંડણી વસુલ કરવા ખંડણીનું નામ 'ખંડણી' ને બદલે 'ઘાસદાણો' એવું રાખવામાં આવેલું. આ રકમ ઘોડેસવારોની જે ફોજ ઉપયોગમાં લેવાતી હતી તેના ભરણ પોષણ માટે રકમ લેવાય છે એવો દાવો તે સમયે કરવામાં આવતો. ગાયકવાડ સરકારની આ ફોજ સાદરામાં રહેતી હતી અને તે સમયની બ્રિટીશ સરકારને ગાયકવાડની આ વ્યવસ્થા પસંદ નહોતી. ગાયકવાડ સરકાર સાથે કરાર કરી આ ખંડણી ઉઘરાવવાનું કામ બ્રિટીશ સરકારે પોતાના હસ્તક લીધું અને ગાયકવાડી ફોજ સાદરામાંથી ખસેડી લેવાની શરત મૂકી. આ સમયે સ્મશાન ભૂમિને અડીને આવેલી સળંગ ઉંચી ભેખડો પરની સમગ્ર ભૂમિ 'પોઢરાની પાયગાહ' નામે ઓળખાતી (દોલારાણા વાસણાથી સાદરા સુધીની) જ્યાં લગભગ 1200 જેટલા ઘોડેસવારની ફોજ ગાયકવાડ સરકાર નિભાવતી હતી. અને આ ઘોડાની સાર સંભાળ માટે એક ઘોડાની માવજત

માટે લગભગ ત્રણ માણસો લેખે 3600 માણસોની બનેલી ફોજ હતી. બ્રિટીશ સરકાર સાથે થયેલ કરાર મુજબ હવે ગાયકવાડ સરકારે આ ફોજ સાદરામાંથી પાછી ખેંચી લીધી. સામે બ્રિટીશ સરકારે સાબરમતીના કાંઠા પરના રજવાડા પાસેથી ખંડણી (Tribute) ઉઘરાવવાની જવાબદારી પેટે ગાયકવાડ સરકાર પાસેથી 1 લાખ રૂપિયા મહેનતાણા લેખે લેવાનું નક્કી કર્યું. અને ખંડણી આવે તેમાંથી 1 લાખ બાદ કરીને બાકીની રકમ ગાયકવાડને આપવામાં આવતી. આ રીતે મહીકાંઠા એજન્સી ઈ.સ. 1812થી શરૂ થઇ એમ પણ કહી શકાય.

ઈ.સ. 1818માં ગુજરાતમાંથી 'પેશ્વાનો પ્રદેશ' બ્રિટીશ સરકારને મળ્યો. આ નવો મૂલક (પ્રદેશ) મહીકાંઠાના 'મેવાસી' પ્રદેશની પાસે જ હતો. તેથી આ પ્રદેશમાં શાંતિ અને સલામતી જાળવવા બ્રિટીશ-ગાયકવાડ વચ્ચે તા.03-04-1820 (એપ્રિલ-1820) રોજ કરાર થયો.પરિણામે 'મહીકાંઠા'નો વહીવટ બ્રિટીશ સરકારને આધીન થયો. અંગ્રેજોએ વગર ખર્ચે ખંડણી વસુલ કરી આપવાનું નક્કી થયું. અને ગાયકવાડ સરકારે આ બ્રિટીશ વહીવટમાં માથું મારવું નહિ તેવું નક્કી થયું.

ત્યારબાદ ઈ.સ. 1821માં મહીકાંઠા એજન્સીથી બ્રિટીશ સરકાર દ્વારા કરવામાં આવી. તે સમયે વાસણા દરબાર પાસેથી આ ગામની થોડીક જમીન એજન્સીએ પોતાના મથક માટે ભાડે રાખી હતી. જેનું વાર્ષિક ભાડું રૂ.250 હતું. જે વાસણા દરબારને આપવામાં આપતું. એ જમીનમાં સુલતાન અહેમદશાહ પહેલા બંધાવેલ કિલ્લાનો પણ સમાવેશ થયેલો. મહીકાંઠા એજન્સીના પહેલા પોલીટીકલ એજન્ટ કર્નલ બેલેન્ટાઈન હતા. અને નજીકમાં એક પોલીટીકલ એજન્ટનો બંગલો બંધાવ્યો હતો. તેમના નિવાસ સ્થાનથી કિલ્લા સુધી બંને બાજુએ ઘટાદાર વૃક્ષોથી એક પહોળો રસ્તો તૈયાર કરવામાં આવેલો. સવાર સાંજ રસ્તા પર પાણી છંટાતું. રાત્રે દિવાની રોશનીમાં તે રસ્તો ઝગમગી ઉઠતો.

મહીકાંઠા એજન્સીની સંપૂર્ણ સત્તા સાદરાના પોલીટીકલ એજન્ટ પાસે હતી. અને તે વર્ષમાં એકવાર મહીકાંઠા એજન્સીના રજવાડાના ગામોમાં જતા. તેમની મદદ માટે એક આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ જે યુરોપિયન જ હતા. એક પર્સનલ આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ હતા. અને નેટીવ આસી. પોલીટીકલ એજન્ટ (બંને ભારતીય) હતા. એમ કુલ ત્રણ આસીસ્ટન્ટો હતા. પાંચ પરગણાના પાંચ થાણેદાર હતા (જેમાં ગઢવાડા, બાવીશી, સાબરકાંઠા, વાત્રકકાંઠો, અને કટોસણ નો સમાવેશ થતો) પર્સનલ આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ ને જપ્તી તાલુકાઓની દેખરેખનું કામ અને નેટીવ આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટને જેલ સુપ્રિટેન્ડન્ટનું અફીણખાતું અને ટ્રેઝરી ઓફીસ કામ કરવાનું રહેતું. બંદોબસ્ત માટે પોલીસ ખાતું આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટના તાબામાં હતું. અને તે પોલીસ સુપ્રિટેન્ડન્ટ કહેવાતા. તેમની મદદમાં બે પોલીસ ઇન્સ્પેક્ટરો અને ફોજદારો રાખેલા. આ બધાજ સાદરામાં નિવાસ કરતા અને મહીકાંઠા એજન્સીનું કામ સંભાળતા. સમય જતાં બ્રિટીશ સરકારે ગામના પૂર્વે છેડે વાસણા ઠાકોર પાસેથી જમીન ભાડાપેટે લીધી અને ત્યાં આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટનો બંગલો બાંધવામાં આવેલો, જેમાં ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થા મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ચાલે છે. જે ઈ.સ. 1978માં મોરારજી દેસાઈ તે સમયે ભારતના વડાપ્રધાન અને વિદ્યાપીઠ કુલપતિ હતા. તેમણે સ્થાપેલી જે

હાલમાં ગૂજરાત વિદ્યાપીઠના પદાધિકારીઓના કુનેહપૂર્વકના વહીવટ દ્રષ્ટીના કારણે વિશ્વકક્ષાએ વિકસી રહી છે. જે શૈક્ષણિક દૃષ્ટિએ સાદરા અને આજુબાજુના ગામ માટે નોંધપાત્ર શૈક્ષણિક વિકાસ થઇ રહ્યો છે. મહીંકાંઠા એજન્સી દરમ્યાન લગભગ ઈ.સ. 1820-1943 દરમ્યાન 123 વર્ષમાં અનેક અંગ્રેજ પોલીટીકલ એજન્ટ રહ્યા જેની લગભગ 85 સંખ્યા હતી. બઢતી પામવાને કારણે તેમની સંખ્યા 50 જેટલી હતી.

**એજન્સી સમયમાં સાદરામાં શિક્ષણ વ્યવસ્થા**-સામાન્ય રીતે અહીં પોલીટીકલ એજન્સીનું મુખ્ય મથક થવાના કારણે એક શહેરમાં હોય તેવું શિક્ષણનું માળખું ઉભું થયું હતું. આઝાદી પહેલાં ભારતનાં અગ્રગણ્ય નગરો-શહેરોમાં પણ શિક્ષણની જયારે શરૂઆત થઇ ન હતી ત્યારે સાદરામાં પ્રી-પ્રાયમરી શાળા શરુ થઇ હતી. સાદરાની 'ગુજરાતી તાલુકા શાળા'માં અને 'સહકારી કન્યા શાળામાં 1 થી 7 ધોરણોની વ્યવસ્થા હતી. સાથે એક બાળપોથી વર્ગ શરુ થયો હતો. પરંતુ જયારે મોન્ટેસરી અને આંગણવાડી, બાળવાડી જેવી પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓ ભારતના અતિ સમૃદ્ધ વિકસિત નગરોમાં શરુ થઇ રહી હતી ત્યારે સાદરામાં ખૂબ સરસ રીતે બ્રિટીશ મુખ્ય મથકના કારણે શૈક્ષણિક માળખું ગોઠવાયું હતું.

સામાન્ય રીતે ઈ.સ. 1840ના સમયમાં મહીકાંઠા એજન્સીના પોલીટીકલ એજન્ટ કર્નલ વોલેસ'એ સાદરામાં એક ગુજરાતી શાળાની શરૂઆત કરી. આ શાળામાં રજવાડાના કુંવરો અને ગામના સમૃદ્ધ લોકોના બાળકો અભ્યાસ કરતા. તે સમયે કુલ 42 વિદ્યાર્થીની સંખ્યા હતી. પોલીટીકલ એજન્ટ પોતે આ શાળાની દેખરેખ રાખતા. કારણકે એજન્સી વિસ્તાર શિક્ષણ કેળવણીમાં ખૂબ પછાત હતો. રાજાઓ સુધીના લોકો અશિક્ષિત હતા. તેથી પોલીટીકલ એજન્ટે વહીવટી જવાબદારીની સાથે સાથે આ વિસ્તારની પ્રજાને શિક્ષિત કરવાના વિચારે શિક્ષણમાં ખૂબ રસ લીધો.. તેમના પ્રયત્નથી આ ખાનગી શાળા ઇ.સ. 1852માં સરકારી સંસ્થામાં ફેરવવામાં આવી. રજવાડાના કુંવરો માટે અલગ શિક્ષણની વ્યવસ્થા ન હતી. તેથી કેટલાક રાજાઓ પાસેથી ફંડ ઉઘરાવવામાં આવેલું અને વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી. અને તે સમયે રૂ.4741/- જેટલી રકમ એકઠી કરવામાં આવી. તેને 'સ્કુલ ફંડ' નામ આપવામાં આવેલું. તેમાં ઉમેરો કરવાના આશયથી આ ફંડ જુદું રાખવામાં આવેલું.

આ રીતે પ્રાથમિક કેળવણી સમગ્ર ભારતમાં બાળ અવસ્થામાં હતી ત્યારે સાદરામાં તેની દેખરેખ માવજત કર્નલ વોલેસ, ફાર્બસ, બ્લેક, મેજર સ્કોટ અને મેજર કોધીલ જેવા શિક્ષણ પ્રેમી બ્રિટીશ પોલીટીકલ એજન્ટોના હાથે સુંદર રીતે શરૂઆત થઇ હતી.

સાદરામાં તાલુકા શાળાનું મકાન કર્નલ બ્લેકની યાદગીરીમાં બનાવવામાં આવ્યું હતું. શાળાના મકાનમાં તકતી પણ મુકવામાં આવેલી. હાલમાં આ મકાન નથી તેની જગ્યાએ નવું બનાવવામાં આવેલું છે. આ સમયના શિક્ષણ પ્રેમી એજન્ટોના કારણે સમગ્ર મહીકાંઠા એજન્સીમાં શિક્ષણનું વાતાવરણ બનતું રહ્યું, અને 19મી સદીના ઉતરાર્ધમાં લગભગ 42 શાળાઓ એજન્સી વિસ્તારમાં બનાવવામાં આવેલી. અહીં, સરકારી કર્મચારી, અધિકારીઓ, ડોકટરો, વકીલો, પોલીસ ઓફિસરોના વસવાટના કારણે સાદરામાં ઉચ્ચકક્ષાનું શિક્ષણ ઉભું થયું હતું. અને ઉત્તમ શિક્ષકો અહીં મુકવામાં આવેલા, શાળામાં ગણિત, ભૂગોળ અને ભાષાનું ખૂબસારું જ્ઞાન આપવામાં

આવતું. આ સમયે શિક્ષણની સાથે રમત-ગમત પ્રવૃત્તિ, નાટ્ય પ્રવૃત્તિ પણ ચાલતી અને પોલીટીકલ એજન્ટ દરેક પ્રવૃત્તિમાં હાજર રહી ખાસ રસ લેતા તેમાં કદાચ તેમનો સ્વાર્થ પણ હશે કે શિક્ષિત થશે અને તેમના વફાદાર પણ રહેશે, જે હોય તે પણ શિક્ષણનું કામ સારું થયું તે મહત્વની બાબત ગણાય.

**સાદરામાં સ્કોટ કોલેજ (તાલુકાદારોના રાજકુંવરો માટે શિક્ષણ વ્યવસ્થા)**-ઈ.સ.1885માં સાદરાની 'તાલુકાદારી સ્કુલની અસંતોષકારક સ્થિતિને લીધે અમદાવાદ ખસેડવાની ચર્ચા ચાલતી હતી. પરંતુ પોલીટીકલ એજન્ટ કર્નલ સ્કોટ સાદરામાં જ રાખવા માંગતા હતા. તેથી તેમણે એજન્સીના રજવાડાને સમજાવીને તે સમયે લગભગ રૂ.75,000/- જેટલી માતબર રકમ ભેગી કરી. જેમાંથી કોલેજ મકાન, છાત્રાલય, રમત-ગમતના સાધનો, સ્નાન માટેના હોજ, ટેનીસકોટની શિક્ષણને પૂરક સુવિધા ઉભી કરવામાં આવી. રજવાડાના રાજાઓએ બ્રિટીશ સરકારને આ કોલેજના નામ સાથે જોડવાની સ્કોટનું નામ જોડવાની ઈચ્છા વ્યક્ત કરી, તેથી તેમનું નામ જોડાયું. ઈ.સ. 1922 સુધીમાં લગભગ 160 જેટલા રાજકુંવરો આ કોલેજમાંથી કેળવણી લઈને ગયેલા, જેમાંથી 42 જેટલા કોઈને કોઈ પોતાના રાજ્યની ગાદી પર બેઠા, બાકીના પોતાની જાગીરો અને મહેસૂલી વહીવટ સંભાળતા. આ રીતે તદ્દન નિરક્ષર અને અજ્ઞાન શાસન કર્તાઓને સ્થાને ભણેલા અને કેળવાયેલા તાલીમ, પામેલા ઠાકોર-તાલુકાદારો મહીકાંઠાના સ્ટેટોમાં ખાલી પડેલી ગાદીઓ પર ગોઠવાયા. તેથી શિક્ષિત રાજ્યકર્તાઓની ખોટ પૂરાઈ.

આ કોલેજમાં રાજકુંવરોને પ્રાથમિક, માધ્યમિક કક્ષાનું સામાન્ય શિક્ષણ આપવાની સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન અને રમત-ગમત, ઘોડેસવારીની પણ તાલીમ અપાતી હતી. એક વખતે લીંબડીના ઠાકોર સાહેબ કંઈ કામ પ્રસંગે સાદરા આવેલા અને આ કોલેજની મુલાકાતે આવેલા ત્યારે કોલેજની અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિથી પ્રેરાઈને સારી એવી રકમનું દાન આપેલું અને તે રકમમાંથી કૃષિનો એક વર્ગ શરુ થયો. અને અહીં અભ્યાસ કરતા રાજકુંવરોના વિદ્યાર્થીઓને આમ ઉદ્યોગ દ્વારા શિક્ષણની મહાત્મા ગાંધીજીની બુનિયાદી શિક્ષણ વ્યવસ્થાના જેવી અહી પહેલાં વ્યવસ્થા ઉભી થયેલી. જીવનઉપયોગી અને વ્યવહાર ઉપયોગી શિક્ષણ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બે કક્ષાએ જ્યાં શિક્ષણ આપવાની શરૂઆત થયેલી.

ઈ.સ. 1934માં રાજકીય અથવા વહીવટ કારણસર આ પ્રસિદ્ધ રાજકુમાર સ્કોટ કોલેજ બંધ કરવામાં આવી અને કોલેજના સ્ટાફને રાજકોટની રાજકુમાર કોલેજમાં મુકવામાં આવ્યો. તો કેટલાકને સાદરાની એ.વી. સ્કુલમાં મુકવામાં આવ્યો. કેટલાક શિક્ષકો સ્વેચ્છાએ પેન્સન ઉપર ઉતરી ગયા. આ રીતે કોલેજ એજન્સી કાળમાં બંધ કરવામાં આવેલી. પ્રસિદ્ધ શિક્ષકોમાં 2 વર્ષ મહાકવિ નાનાલાલ દલપતરામ અહીં શિક્ષક તરીકે આવ્યા હતા જે ઉલ્લેખનીય છે. આ મકાનમાં સરકારી ટી.બી.હોસ્પિટલ શરુ કરવામાં આવેલી જે ગુજરાતમાં સારવાર માટે પ્રખ્યાત બની, સમય જતા આ હોસ્પિટલ હવે સામુહિક આરોગ્ય કેદ્ર તરીકે સેવા આપી રહી છે.

**સાદરામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ**-સાદરામાં સામાન્ય રીતે એજન્સીના સમયમાં શિક્ષણ ઉપર પોલીટીકલ એજન્ટો દ્વારા વધારે ધ્યાન આપવાના કારણે શિક્ષણમાં સારા પ્રમાણમાં ગોઠવાયું હતું. કર્નલ વોલેસે ગુજરાતી શાળા સ્થાપી. ઉપરાંત ઈ.સ.1885માં 'એંગ્લો

વર્નાક્યુલર સ્કુલ' (એ.વી. સ્કુલ) સ્થપાઈ, ત્યારબાદ પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઈ.સ. 1978માં ઉચ્ચ શિક્ષણની સંસ્થા સ્થપાઈ જે આજ પર્યંત જુદા જુદા વિભાગોમાં ખૂબજ ફૂલી ફાલી છે. જે હાલમાં શિક્ષણ જગતમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

ખાસ કરીને ઈ.સ. 1840માં પોલીટીકલ એજન્ટ કર્નલ વોલેસના પ્રયત્નથી સાદરામાં એક ગુજરાતી નિશાળની શરૂઆત થઇ. જે ખાનગી શાળા હતી, જેમાં 41 વિદ્યાર્થીઓ હતા જેમાં આર્થિક રીતે સદ્ધર હતા, જેમાં રજવાડાના કુંવરો અને વેપારી પરિવારના બાળકો ખાસ કરીને હતા. આ રીતે ઈ.સ. 1869-70ના સમયમાં પોલીટીકલ એજન્ટની સીધી દેખ-રેખ રહેતી તેથી શિક્ષણનું પ્રમાણ ખૂબ સારું ગોઠવાયું હતું. છેવટે પોલીટીકલ એજન્ટ કર્નલ વોલેસના પ્રયત્નોથી આ શાળા ઈ.સ. 1852માં સરકારી બની ગઈ.

ઈ.સ. 1885માં સાદરામાં માધ્યમિક એંગ્લો વર્નાક્યુલર સ્કુલની સ્થાપના થયેલી તેથી તે સમયે અંગ્રેજી શાળાની શરૂઆત થતાં. આર્થિક રીતે સદ્ધર પરિવાર અને રજવાડાના ઘણા બધા રાજકુંવરો પણ અભ્યાસ લઇ શક્યા. આ શાળામાં શાંતિલાલ શાહ, મગનલાલ શાહ, મોહનલાલ માસ્તર, નાગરદાસ ખમાર, મીઠાલાલ શાહ, મણીગીરી ગોસ્વામી, હરિશંકર ત્રિવેદી જેવા ખ્યાતનામ શિક્ષકોએ આ શાળાને શિક્ષણની દ્રષ્ટીએ સમૃદ્ધ બનાવી હતી. શિક્ષકો નબળા વિદ્યાર્થીઓ અને વધારે અભ્યાસ ઈચ્છુક વિદ્યાર્થીઓને ઘરે પણ બોલાવતા. જેની કોઈ અલગથી ફી લેવાતી નહોતી, જે નોંધ પાત્ર બાબત છે. એ.વી. સ્કુલમાં રમત-ગમત પ્રવૃત્તિ પણ ખૂબ વિકસી હતી. અને તેના કારણે આ સ્કુલનું નામ ગુજરાત ભરમાં ખ્યાતી પામ્યું હતું. સ્કોટ કોલેજ સાથે સંકળાયેલા 'કોલેજ ગ્રાઉન્ડ' કે જ્યાં, મેજર વુલડ્રીજના સમયમાં અનેક ક્રિકેટ મેચોનું આયોજન થયેલ. જેમાં ગુલામ ગાર્ડ, ટપુ ગોહિલ અને વિનુ માંકડ, પોલી ઉમરીગર જેવા ટેસ્ટ ક્રિકેટના ખ્યાતનામ ક્રિકેટર અહીં ક્રિકેટ રમવા આવેલા. જે નોંધ પાત્ર બાબત છે. રમત-ગમત સાંજે બધા જ વિદ્યાર્થી માટે ફરીજીયાત હતું.

ઈ.સ. 1885થી મહીકાંઠા અને પાલનપુર એજન્સીમાં બે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરોની નિયુક્તિ કરવામાં આવી હતી. ઇ.સ. 1934 થી 1943 દરમ્યાન શૈક્ષણિક પ્રગતિના ભાગરૂપે ભાઈઓ માટે 18ને બહેનો માટે 9 પ્રાથમિક શાળાઓ ઉપરાંત 2 માધ્યમિક સ્કૂલો સાથે 8અંગ્રેજીના કલાસિસ શરૂ કરવામાં આવેલા. તેમાં 96 પુરુષ શિક્ષકો અને 20 બહેન શિક્ષિકાઓની તાલીમ આપી જોડવામાં આવ્યા. આ રીતે શિક્ષણની બાબતમાં સાદરા અને એજન્સી વિસ્તારમાં જરૂર પ્રમાણે શાળાની વ્યવસ્થા થઇ, 43 જેટલી શાળાઓ બંધાવવામાં આવી અને 21 જેટલા શાળાઓમાં જરૂર પ્રમાણે ઓરડા બાંધવામાં આવ્યા. આ રીતે એજન્સી કાળમાં શિક્ષણનું પ્રમાણ સાદરા અને એજન્સી વિસ્તારમાં ખૂબ વધ્યા. એજન્સી ઉઠાવી લીધા પછી ખાસ કરીને સાદરામાં શિક્ષણનું પ્રમાણ ઈ.સ. 1943 પછી નબળું પડ્યું. પરંતુ ઈ.સ. 1978 માં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રીમોરારજી દેસાઈ એ ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થા મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની સ્થાપના કરી જેના કારણે ફરીથી શિક્ષણના ક્ષેત્રમાં સારી એવી પ્રગતિ શરૂ થઇ અને હવે ગૂજરાત વિદ્યાપીઠના કારણે સાદરા ગામનું નામ એક શૈક્ષણિક હબ તરીકે સ્થાપિત થઇ રહ્યું છે જે શિક્ષણક્ષેત્રેમાં નોંધપાત્ર બાબત છે.

**પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા**-સામાન્ય રીતે ભારત સરકારની યોજનાના ભાગરૂપે ગુજરાતમાં પંચાયતી રાજ સંસ્થાઓની સરકારી હોદ્દેદારોને તાલીમ આપવા માટે પંચાયતીરાજ તાલીમ કેન્દ્રો ત્રીજી પંચવર્ષીય યોજનાના ભાગરૂપે શરૂ કરવામાં આવેલા. ગ્રામકક્ષાએ ભારતમાં ગ્રામ પંચાયતોની સંસ્થા આપણા વારસા અને ગ્રામ્યસંસ્કૃતિ અને વહીવટમાં સર્વોપરી નેતૃત્વ ધરાવતી સંસ્થા ગણવામાં આવે છે.

ખાસ કરીને હાલમાં ગાંધીનગર જિલ્લાના સાદરા ગામમાં સાબરમતી નદીના કિનારે પર્યાવરણ અને નયનરમ્ય વાતાવરણમાં આ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રની શરૂઆત ઈ.સ. 1968માં કરવામાં આવેલી. આ પહેલાં વણાકબોરીમાં આ સંસ્થા હતી, પરંતુ ત્યાં ડેમ બનતા સ્થળાંતરના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ સાદરાને સોપવામાં આવી. આ સંસ્થા હાલમાં લોકશાહી વિકેન્દ્રીકરણના ધ્યેયને અનુરૂપ ગ્રામ કક્ષાએ આદર્શ વહીવટ, ગ્રામ નવનિર્માણ અને ગાંધીજીની ગ્રામ સ્વરાજની ભાવનાને મૂર્તિમંત કરી શકે તેવા પદાધિકારીઓ અને પાયાના કર્મચારીઓને તાલીમ આપવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી રહી છે.

આ સંસ્થા દ્વારા મહાત્મા ગાંધી સ્થાપિત રાષ્ટ્રીય કેળવણીનું શિક્ષણ અને ગ્રામ વિકાસનું મહત્વનું કામ કરે છે. ઉપરાંત વિદ્યાપીઠના ધ્યેયો અને ઉદ્દેશો અનુસાર ચારિત્ર્યવાન, શક્તિ સંપન્ન અને ગ્રામ સમાજ સાથે તાદાત્મ્ય સાધી શકે તેવા તલાટી-મંત્રી તૈયાર કરવાની તાલીમ આપવામાં આવી રહી છે.

ગુજરાત સરકારના જિલ્લા પંચાયત સેવા પસંદગી દ્વારા મંત્રીઓને અહીં મોકલવામાં આવે છે. જિલ્લા પંચાયતના વિકાસ કમિશ્નરશ્રી દ્વારા તાલીમ માટે અહીં મોકલવામાં આવે છે. તાલીમમાં સામાન્ય રીતે નવનિયુક્ત થયેલા કર્મચારીઓને તાલીમ અપાય છે. બે અઠવાડિયાના ઓપવર્ગ તથા પદાધિકારીઓ માટે ત્રણ દિવસના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. ઉપરાંત ગ્રામપંચાયતના પદાધિકારીઓ, સરપંચો, ઉપસરપંચો, સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોને પણ પંચાયતના વહીવટમાં માર્ગદર્શન મળી રહે તે માટે ત્રણ દિવસની સઘન તાલીમ આપવામાં આવે છે.

સાદરા ગામમાં જૂની સિવીલ હોસ્પિટલનાં મકાનો અને જમીન ઈ.સ.૧૯૪૩માં સાદરા એજન્સી સમાપ્ત થતાં અવાવરું અને વણવપરાયેલ પડ્યાં હતા. તે મકાનોમાં સામાન્ય રીપેરીંગ કરી તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.આ મકાનો અને જમીન ગુજરાત સરકારે ઈ.સ ૧૯૭૮માં ગુજરાત વિદ્યાપીઠને રૂ.૫૦૧/-માં કન્સેશનલ સેલથી તાલીમ અને શિક્ષણના હેતુ માટે આપેલ છે. આ ઉપરાંત કેન્દ્રને અડીને આવેલી સાબરમતી નદીના કોતરોની ૧૨૯૬૦/- ચો.મી. જમીન ઈ.સ. ૧૯૮૯માં વિદ્યાપીઠે ગુજરાત સરકાર પાસેથી શિક્ષણના હેતુ સારું મેળવેલ છે.

પંચાયતીરાજ તાલીમકેન્દ્ર તરીકે ઓળખતા આ પરિસરમાં તાલીમાર્થીઓ રહી શકે તેવી છાત્રાલય, રસોડા, વર્ગખંડ, પ્રાર્થના ખંડ, કાર્યાલય, ગ્રંથાલય અને મહેમાનખંડની વ્યવસ્થા છે. આ બધાં મકાનો જૂની સિવિલ હોસ્પિટલનાં મકાનો છે. પંચાયતના તલાટી/મંત્રીઓ તથા પદાધિકારીઓને ઉપયોગી થઇ શકે તેવા કાયદા/નિયમોનાં પુસ્તકો ઉપરાંત ગાંધી, સરદાર, સ્વામી વિવેકાનંદ તથા ઇતરવાંચનના મળી કુલ ૭૦૦ પુસ્તકો તથા અભ્યાસક્રમને અનુરૂપ સામાયિકો તથા

વર્તમાનપત્રો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સાદરાના બધા વિભાગો માટે સંયુક્ત મધ્યસ્થ ગ્રંથાલય શરૂ કરવામાં આવ્યું છે. તેનો ઉપયોગ તાલીમાર્થીઓ કરે છે. તાલીમાર્થીઓને કમ્પ્યુટર જ્ઞાન અને ઇન્ટરનેટના ઉપયોગ અંગેની પણ તાલીમ આપવામાં આવે છે.

તલાટી કમ મંત્રી/પંચાયત સહાયકો માટે ૭૫ દિવસની પાયાના તાલીમ. વર્ગ દ્વારા તાલીમ તલાટી કમ મંત્રી/પંચાયત સહાયકો માટે ૧૪ દિવસના ઓપવર્ગ તાલીમ વર્ગો. મહેસૂલી તલાટીઓનો પૂર્વસેવા તાલીમ વર્ગ (૭૫ દિવસ), પદાધિકારીશ્રીઓ માટે ૩ દિવસીય તાલીમ શિબિરનું આયોજન, ગ્રામ પંચાયત જેવી ગ્રામ્ય સંસ્થાઓના કાર્યકરોને પંચાયતીરાજ વ્યવસ્થા અંગેની તાલીમ આપવામાં આવે છે.

તલાટીઓને વ્યાખ્યાન પદ્ધતિ, જૂથ કાર્ય/ચર્ચા, સ્લાઇડ શો, સ્વાધ્યાય, દ્રશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા, પ્રેરણા પ્રવાસ/પર્યટન, ગ્રંથાલય કાર્ય, ઇ-ગ્રામ અને કોમ્પ્યુટર તાલીમ, સમૂહજીવનમાં પ્રાર્થના, સમૂહ, સફાઇ, શૈક્ષણિક રમતો દ્વારા તાલીમ આપવામાં આવે છે. હાલમાં આ કેન્દ્ર આચાર્યશ્રી તેજસભાઈ ઠાકર દ્વારા ખૂબજ સુંદર વ્યવસ્થાની રીતે ગોઠવાયેલી છે.

**તાલીમ કેન્દ્રમાં નિયુક્ત આચાર્યોની યાદી**

| | |
|---|---|
| શ્રી હરીશભાઈ બ્રહ્મભટ્ટ | શ્રી કાનજીભાઈ જે. વાઘેલા |
| શ્રી બળદેવભાઈ કું. ગજ્જર | શ્રી ચંદુભાઈ ગો. પટેલ |
| શ્રી હીરાભાઈ ઠક્કર | શ્રી કાનજીભાઈ જે. વાઘેલા |
| શ્રી બળદેવભાઈ કું. ગજ્જર | શ્રી જગદીશચંદ્ર રે. ત્રિવેદી |
| શ્રી હરિશંકર જ્યોતિષી | શ્રી કાંતિલાલ ખો. પટેલ |
| શ્રી શામળદાસ ન. ભટ્ટ | શ્રી કાનજીભાઈ જે. વાઘેલા |
| શ્રી સનતકુમાર ન. ભટ્ટ | શ્રી કાનજીભાઈ જે. વાઘેલા |
| શ્રી જસુભાઇ ઈ. પટેલ | શ્રી રાજેશકુમાર ભ. વસાવા |
| શ્રી ચન્દ્રકાન્ત વી. શાહ | શ્રી તેજસભાઈ ઠાકર તા.: 16.06.2011થી કાર્યરત છે. |
| શ્રી ઇન્દ્રવદન સુ. દેસાઈ | |

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની સ્થાપના**-સાદરામાંથી ઈ.સ. 1943માં એજન્સી ઉઠાવી લેવામાં આવી ત્યારબાદ સાદરામાં શિક્ષણની બાબતમાં થોડોક સમય અવ્યવસ્થા ઉભી થઇ, ઉચ્ચશિક્ષણ ક્ષેત્રમાં ફરીથી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઈ.સ. 1978માં તે સમયના વડાપ્રધાન અને ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ દ્વારા મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. તે સમયે પોલીટીકલ એજન્ટના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાપીઠ દ્વારા વધારે આજુબાજુમાં જમીન ખરીદાઈ અને નવા મકાનો બનાવવામાં આવ્યા. આજે અહીં, પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમો ચાલુ થયા છે. જેના કારણે એક નાના ગામમાં એક શહેર જેવી સારી શિક્ષણની વ્યવસ્થા સ્થાપિત થઇ છે.

**પદવીદાન સમારંભ - ગૂજરાત વિદ્યાપીઠ**-ઈ.સ. 1981નો ગૂજરાત વિદ્યાપીઠનો પદવીદાન સમારંભમાં તે સમયના ભારતના વડાપ્રધાન  અને ગૂજરતા વિદ્યાપીઠના કુલપતિ શ્રી મોરારજી દેસાઈ અને મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્ય મહેમાન. તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

**ઉમાશંકર જોષીનું દિક્ષાંત પ્રવચન**-ઈ.સ. 1981માં, સાદરામાં ત્રણ વર્ષ રહીને-ભણીને તૈયાર થયેલી સ્નાતકોની પ્રથમ ટૂકડીને પદવી એનાયત કરવાનો જે 'બત્રીસસમો પદવીદાન સમારંભ' સાદરા ખાતે તા.18-10-1981ના રોજ યોજાયો તે ગુજરાતના નહિ ભારતના શિક્ષણ-ઇતિહાસના પહેલો પદવીદાન સમારંભ હતો જે એક ગામડામાં યોજાયો હતો. ત્રણ ત્રણ દાયકાની અસહ્ય પ્રતિક્ષા અને તપશ્ચર્યા બાદ, ભારતભરમાં અનન્ય પ્રસિધ્ધિ મેળવવાનું સદ્દભાગ્ય 'શિક્ષણતીર્થ સાદરા'ને પ્રાપ્ત થયું અને તે પણ ગુજરાતના મૂર્ધન્ય સાક્ષરરત્ન શ્રી ઉમાંશંકર જોષીના દીક્ષાન્ત પ્રવચનથી, એ પણ સાદરાના ઈતિહાસનું એક અવિસ્મરણીય પાનું છે. સાદરા મુકામે શ્રી ઉમાશંકરએ આપેલા દીક્ષાન્ત પ્રવચનનાં નીચેના કેટલાક વાક્યો તો હજી પણ જાણે સાદરાના વાતાવરણમાં ગુંજ્યા કરે છે:

- ગૂજરાત વિદ્યાપીઠે સ્વરાજયુગમાં યથેષ્ટ ;રૂપાંતરો' સાધ્યા છે તેમા પાયાનું રૂપાંતર, 1978થી  સાદરા અને રાંધેજા જેવા ગ્રામ્યવિસ્તારમાં શરૂ થયેલ મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સંસ્થા છે. આજે ગૂજરાત વિદ્યાપીઠની કારકિર્દીમાં પહેલીવાર, અમદાવાદ બહાર 'સાદરા વિદ્યામથક'માં પદવીદાન સમારંભ યોજાય છે. વિદ્યાપીઠો ગામડાંમાં ઊગવી જોઈએ, ગામડામાંથી ઉભી થવી જોઈએ. તેવું ગાંધીજીના વિચારોને પ્રતિપાદિત કરતા આવા ગ્રામવિસ્તારમાં યોજાતા પદવીદાન સમારંભમાં ઉપસ્થિત થવાની તક મને મળી છે એ બેવડી આનંદદાયક ઘટના છે.
- કોઈએ કહ્યું છે કે માણસ પાસેથી બધી વસ્તુઓ છીનવી લો અને એની પાસે જે રહે તે એની સંસ્કૃતિ. એ જ રીતે મકાનો બધાં જમીનદોસ્ત થઇ જાય છતાં જે શેષ રહે તે વિશ્વવિદ્યાલય.
- ગાંધીશિક્ષણવિચારનાં ધરૂવાડિયા જળવાવા જોઈએ, હિંદ માટે જ નહિ, સારી દુનિયા માટે. સદ્દભાગ્યે ગુજરતમાં એ જળવાયા છે અને નવશિક્ષણની માતૃસંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આવા ધરૂવાડિયા સતત ખીલતાં પણ રહે તેવું અપેક્ષિત પણ છે.

આ સંસ્થામાં બે વખત મોરારજી દેસાઈ આવેલા. સ્થાપના સમયે અને પદવીદાન સમારંભમાં તે આવેલા. આ પદવી લેનાર વિદ્યાર્થી સમાજસેવાની પ્રવૃત્તિ કરતી સંસ્થામાં જોડાઈને ઉત્કૃષ્ટ કામગીરી કરતા સારા પદાધિકારીઓ પણ આ સંસ્થાએ સમાજને આપ્યા છે. સરકારની સારી જગ્યા પર અધિકારી તરીકે પણ કેટલાયે વિદ્યાર્થી કાર્યરત થયા. બી.એડ. કરીને કેટલાયે વિદ્યાર્થીઓ શિક્ષકો પણ બન્યા, આ અભ્યાસક્રમમાં ખાસ કરીને કૃષિ, સમાજિક વિજ્ઞાનના વિષયો, સમાજકાર્યના વિષયો, બંધારણ, કાયદા, ભાષા જેવા વિષયો ભણાવવામાં આવતા. વિદ્યાર્થીઓને કેન્દ્ર નિવાસ ફરજિયાત હતો, પ્રત્યક્ષ તાલીમના ભાગરૂપે, તે સમયે આ અભ્યાસક્રમનું ખૂબ મહત્વ હતું, અને તેના કારણે આ સંસ્થા વિદ્યાર્થીઓ દેશ અને વિદેશમાં ગાંધી વિચારની પરિપાટી પ્રમાણે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. શિક્ષણમાં પ્રત્યક્ષ શિક્ષણ મહત્વનું અંગ હતું. નઈ તાલીમની સંસ્થાઓમાં તેમણે તાલીમ માટે મોકલવામાં આવતા.

સમય અંતરે વિષયમાં, અભ્યાસક્રમમાં ફેરફારો કરવાના થયા અને સમયની માંગ સરકારની શૈક્ષણિક પદ્ધતિ અનુરૂપ મુખ્ય વિષયો ઈ.સ. 1995થી શરૂ થયા. તેમાં શરૂઆતમાં ઈતિહાસ, હિંદી, ગુજરાતી, સમાજનવરચના, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને કમ્પ્યૂટર જેવા અભ્યાસક્રમો શરૂ થયા અને બી.એ.ની પદવી આપવાની શરૂઆત થઇ, અંગ્રેજી પારંગત (એમ.એ.) પણ શરૂ થયેલ છે. ઈ.સ. 2016થી આ મહાવિદ્યાલયમાં સહ-શિક્ષણ શરૂ કરવામાં આવેલ છે. સાદરાના બધા જ અભ્યાસક્રમમાં હવે સહ-શિક્ષણ શરૂ કરવામાં આવેલ છે. એટલે શિક્ષણમાં પરિવર્તનની સાથે પ્રયોગાત્મક શિક્ષણની વ્યવસ્થા પદાધિકારીઓ દ્વારા થતી રહી છે. આ જે આ સંસ્થાનો વિકાસ ગૂજરાત વિદ્યાપીઠના પદાધીકારીઓને આભારી છે. ખાસ કરીને આધુનિક યુગમાં બુનિયાદી શિક્ષણની સાથે ટેકનીકલ જ્ઞાન પણ અહીં અપાય છે. હવે તો આ કેન્દ્ર ઈંટરનેટ સુવિધાથી વાઈ-ફાઈ દ્વારા સજ્જ થઈને વિશ્વ સાથે ગાંધીજીની વિચાર સરણીને સાથે લઇ કામ કરી રહ્યું છે. આજે સંસ્થા પાસે અદ્યતન કમ્પ્યૂટર લેબ પણ છે. સંસ્થા પાસે અદ્યતન લગભગ 50,000 પુસ્તકો ધરાવતું ગ્રંથાલય અને વાંચનાલય છે. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ખૂબ મહત્વની વ્યવસ્થા સંસ્થા દ્વારા ઉભી કરવામાં આવી છે.

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના સંયોજકો**-આ સંસ્થાની શરૂઆતથી શ્રી ચિત્તરંજન વોરા, શ્રી નાનુભાઈ ડાકોરવાળા, શ્રી મનુભાઈ સુથાર, ઉપસંયોજક શ્રી રામાભાઈ પટેલ, શ્રી આત્મારામભાઈ પટેલ, શ્રી રામભાઈ પટેલ, ડૉ. ગાયત્રીદત્ત મહેતા હતા, હાલમાં 31-05-08થી ડૉ. પ્રો. કનૈયાલાલ નાયક સંયોજકની જવાબદારી સંભાળે છે. આ રીતે આ સંસ્થા સમાજમાં વિસ્તરી રહી છે. અને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બજાવી રહ્યા છે.

આ મહાવિદ્યાલયમાં જુદા-જુદા વિષયના પીએચ.ડી. થયેલા ઉત્કૃષ્ટ અધ્યાપકો સેવા બજાવી રહ્યા છે. ઈ.સ. 2017માં ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો ખિતાબ ડૉ. કનુભાઈ વસાવાને મળ્યો છે, આ બાબત સંસ્થા માટે ગૌરવપ્રદ છે.

મ.દે ગ્રામસેવા કેન્દ્ર, સાદરાના સાનિધ્યમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ સ્વ. નારાણયભાઈ દેસાઈ દ્વારા જાન્યુઆરી 2013 માં ગાંધી કથાનું ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, જે સાદરા માટે ઐતીહાસિક ઘટના હતી. તેમાં ખૂબ લોકો બહારથી પણ આવેલા. આજુબાજુના 40જેટલા ગામોમાંથી લોકોએ આ કથાનો લાભ લીધેલ.

**ગ્રામસેવા કેન્દ્રમાં શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય**-ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 1978માં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની શરૂઆત થઇ ત્યાર બાદ આ મહાવિદ્યાલયમાં ઈ.સ. 1988માં શારીરિક શિક્ષણ વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો જેમાં તે સમયના કુલનાયકશ્રી સ્વ. રામલાલભાઈ પરીખ, સ્વ કુલસચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠી અને પૂર્વ કુલસચિવશ્રી શૈલેશભાઈ નો ફાળો સવિશેષ હતો.. આ અભ્યાસક્રમમાં કુલ 6 રમતોનો સમાવેશ કરવામાં આવેલો, જેમાં હસમુખભાઈ ગોઠી, શ્રી કિશ્નાભાઈ પટેલ, પ્રભુલાલ કાસુન્દ્રાની નિમણુંક થઇ હતી. વિભાગના અધ્યક્ષ કિશ્નાભાઈ પટેલ હતા. તે બીજી કોલેજમાં બદલી કરાવીને જતા, થોડોક સમય આત્મારામ પટેલ ત્યારબાદ પ્રભુલાલ કાસુન્દ્રા તેના અધ્યક્ષ અને સમય જતાં મહાવિદ્યાલય અલગ થતા ઇ.સ. 2000થી પ્રભુલાલ કાસુન્દ્રા સંયોજક હતા. ત્યારબાદ ઈ.સ. 2007માં ડૉ.

જમનાદાસ સાવલિયા પ્રોફેસર તરીકે નિમણુંક પામતા સંયોજકની જવાબદારી 31-12-2017 સુધી સંભાળેલી અને તા. 01.01.2018 ડૉ.જમનાદાસ સાવલિયા નિવૃત્ત થતાં ફરીથી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા આ વિભાગમાં ડીનની જવાબદારી સંભાળી રહ્યા છે.

આ મહાવિદ્યાલયમાં હાલમાં બી.પી.ઈ.એસ., એમ.પી.ઈ.એડ., બી.પી.એડ., એમ.ફિલ., પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમ ક્રમશ શરૂ થયા છે. આ મહાવિદ્યાલય ગુજરાતમાં રમત-ગમતના ક્ષેત્રમાં  અભ્યાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. હાલમાં લગભગ 25 એકર જમીનમાં જુદી-જુદી રમતના ઉત્કૃષ્ટ મેદાનો અને 400 મીટરનો ટ્રેક પણ ધરાવે છે. અહીંયા તાલુકા, જિલ્લા કક્ષાની રમતો, પોલીસખાતાની ભરતી જેવા કાર્યક્રમો પણ થાય છે.

ઉપરાંત આજુબાજુના વિસ્તારમાં લોક સંપર્ક દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિઓ પણ ખૂબ સુંદર રીતે કરવામાં આવે છે. ખાસ કરીને કુદરતી આપત્તિ સમયમાં આ સંસ્થા ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. આ રીતે સમાજ સેવાની પ્રવૃત્તિ પણ સારી રીતે થાય છે. આ સંસ્થાના વિકાસમાં ક્રમશ વિદ્યાર્થીઓ અને સંસ્થાના અધ્યાપકો અને સેવકોનો ફાળો સવિશેષ રહ્યો છે. આ સંસ્થાને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરને શ્રેષ્ઠ કામગીરી બદલ ડૉ. નીરજ સીલાવટને રાષ્ટ્રીય એવોર્ડ 2016માં મળેલ છે. જે વિભાગ અને સંસ્થા માટે ગૌરવ લેવા જેવી બાબત ગણી શકાય.

**બાયોગેસ રીસર્ચ સેન્ટર અને માઈક્રોબાયોલોજી વિભાગ**-બાયોગેસ રીસર્ચ સેન્ટરની શરૂઆત નવેમ્બર 1993ના રોજ અને માઈક્રોબાયોલોજી વિભાગની શરૂઆત જુન 1995માં કરવામાં આવી. આ વિભાગમાં સ્નાતક, અનુસ્નાતક, એમ.ફિલ અને પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમ ચાલે છે. આ વિભાગમાં તે સમયે નિયામક તરીકે શ્રી પ્રદીપભાઈ આચાર્ય હતા અને હાલમાં ડીન તરીકે ડૉ. નિખિલભાઈ ભટ્ટ ખૂબ સરસ રીતે કામગીરી નિભાવી રહ્યા છે. આ વિભાગ દ્વારા બાયોગેસના સંદર્ભે ખૂબ મોટું કામ સાદરા આજુબાજુના વિસ્તારમાં અને ગુજરાતના  અન્ય જગ્યાએ થયેલ છે. જે નોંધપાત્ર બાબત છે.

**N.S.S. પ્રોગ્રામ ઓફિસર તાલીમ કાર્યક્રમ : ઈ.સ. 2013થી શરૂ**-ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સાદરામાં N.S.S. (રાષ્ટ્રીય સેવા યોજના)ના પ્રોગ્રામ અધિકારીને તાલીમ આપવાનું કામ કરે છે, જેમાં ગુજરાતના શાળા-કોલેજના N.S.S. પ્રોગ્રામ ઓફિસરને સાત દિવસ તાલીમ આપવા આવે છે. ભારત સરકારનો આ પ્રોજેક્ટ ગૂજરાત વિદ્યાપીઠને સોંપવામાં આવેલ છે, જેના કારણે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગુજરાતના દરેક શાળા કોલેજના શિક્ષકોમાં N.S.S.ની પ્રવૃત્તિઓ બાબતે જાગૃતિ અંગેની તાલીમ આપવામાં આવે છે. અને તેનો લાભ ભવિષ્યમાં ગુજરાતના વિદ્યાર્થીઓને પણ મળશે. આ કાર્યક્રમ ખૂબ સરસ રીતે ચાલે છે.

આમ, સામાન્ય રીતે સાદરાએ આ રીતે બ્રિટીશકાળથી અત્યાર સુધીમાં રાજકીય અને શૈક્ષણિક બાબતમાં ખૂબ પરિવર્તન જોયા છે. તેની શૈક્ષણિક વિકાસની શરૂઆત બ્રિટીશકાળથી થઇ. તેમાં બ્રિટીશકાળ પછી થોડી ઓટ આવેલી. પરંતુ આઝાદી પછી મહાત્મા ગાંધી સ્થાપિત સાદરામાં ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થા મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની શરૂઆત થવાના કારણે શિક્ષણની  બાબતમાં ખૂબ સરસ વ્યવસ્થા ઉભી થઇ, આ સંસ્થા આજે સાદરામાં શિક્ષણની બાબતમાં હરણફાળ ભરી રહી છે, તેમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ.

અનામિકભાઈ શાહ શૈક્ષણિક બાબતે ખૂબજ રસ લઇ શૈક્ષણિક ક્ષેત્રોમાં નવા આયામો બાબતે સક્રિય છે. તેજ રીતે ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી પણ સતત માર્ગદર્શન આપી આ સંસ્થાને શૈક્ષણિક સુવિધા બાબતે ખૂબજ કુનેહપૂર્વક અહીંના વિભાગોને વધારે સુવ્યવસ્થિત કરી રહ્યા છે. અહીંના મહેનતુ અને કુશળ અધ્યાપકો-સેવકો દ્વારા ખૂબજ સરસ શૈક્ષણિક અને કેળવણીની કામગીરી થઇ રહી છે. છેલ્લા દસેક વર્ષમાં આ સંસ્થાનો વિકાસ ખૂબજ ઝડપી બન્યો છે. તે ખાસ નોંધ પાત્ર બાબત છે.

આ રીતે સાદરા જેવા નાના ગામમાં શિક્ષણની બાબતમાં એક શહેર હોય તેવી શિક્ષણ વ્યવસ્થા ઉભી થઇ છે. ટૂંકમાં સાદરામાં પ્રાથમિક થી પીએચ.ડી. સુધીની શિક્ષણ વ્યવસ્થા છે. ગૂજરાત વિદ્યાપીઠને 'એ' ગ્રેડ પ્રાપ્ત થયો છે. જે અભિનંદનીય અને સંસ્થાને કાર્યશૈલીની બાબતમાં ઉત્સાહ વર્ધક છે.

ઉપરાંત અન્ય સંસ્થાઓ પણ શિક્ષકપ્રેમી બહાર રહેતા અને અન્ય શિક્ષણ પ્રેમી સ્થાનિક લોકોના સહયોગ, માર્ગદર્શન અને સારા પ્રયત્નથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખાનગી અને સરકારી શાળામાં અપાઈ રહ્યું છે. આમ, સાદરાનો ક્રમિક શૈક્ષણિક વિકાસ થતો રહ્યો છે.

**સંદર્ભ સાહિત્ય**

1. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃત્તિક ઈતિહાસ, ભાગ 5, ભાગ 6, ભાગ 7 અને ભાગ 8, સંપાદક- ર.છો. પરીખ અને હરી પ્રસાદ શાસ્ત્રી, ભો.જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ
2. સાબર કિનારે સાદરા - ભોગીલાલ શાહ
3. સાબરકાંઠા ડીસ્ટ્રીકટ ગેઝેટિયર
4. ભગવદ્ગોમંડળ ભાગ 9 - પ્રવીણ પ્રકાશન, રાજકોટ
5. એલેકઝાન્ડર કીનલોક ફાર્બસ રચિત 'રાસમાળા' અથવા 'ગૂજરાત પ્રાંતનો ઈતિહાસ' ભાગ–1

**રૂબરૂ મુલાકાત અને માહિતીદાતા**

1. શ્રી પ્રભુભાઈ પંચાલ - નિવૃત ઉદ્યોગ શિક્ષક, મ.દે. સાદરા
2. શ્રી મોહનભાઈ પટેલ – ગૃહપતિ, મ.દે. સાદરા
3. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા - ડીન – મ.દે. શા.શિ. સાદરા
4. ડૉ. નિખિલ ભટ્ટ - ડીન - માઈક્રોબાયોલોજી વિભાગ, સાદરા
5. શ્રી તેજસભાઈ ઠાકર - આચાર્ય - તાલીમ કેન્દ્ર, સાદરા
6. શ્રી બચુભાઈ રાઠોડ - ગામના નાગરિક
7. શરદભાઈ શાહ - ગામના વેપારી
8. ડૉ. મોતીભાઈ દેવું - મદદનીશ અધ્યાપક, મ.દે. સાદરા
9. ડૉ. મિલનભાઈ ભટ્ટ – પ્રોગ્રામર, મ.દે. સાદરા